ઝાડનાં પારખાં ફળ પરથી શ્રેણી ૪

# તાલીમનાં ફળ

લેખક : સુમંત રાવળ



લોકભારતી પ્રકાશન :

સણોસરા

‘ઝાડનાં પારખાં ફળ પરથી’ શ્રેણી : ૪

**********

# તાલીમનાં ફળ

## લેખક :

# સુમંત રાવલ

********************

## લોકભારતી પ્રકાશન

સણોસરા – ૩૬૪ ૨૩૦ તા. શિહોર (જિ. ભાવનગર)

***************

પ્રકાશક :

નિયામકશ્રી, લોકભારતી, સણોસરા.

આવૃત્તિ પહેલી : માર્ચ ૧૯૮૩ / ઇ–બુક આવૃત્તિ : ૨૦૧૬

સત્ય ગ્રાફિક્સ – ફોન :9428802482

## અનુક્રમ

ઉપહાર....4

લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !....5

સણોસરાના સાંનિધ્યમાં છ માસ....7

નવા વાતાવરણનાં આશ્ચર્યો !....11

નવી જીવનશૈલીનો આરંભ....13

અનન્ય અધ્યાપકો !!....15

આગમન અને વિદાય વચ્ચેનો તફાવત !....16

કાર્યક્ષેત્રે અનોખું સ્વાગત !!....17


લખવાનો શોખ જીવંત થયો....19

લોકભારતીના કેટલાક સફળ વિદ્યાર્થીઓ....22

કેટલાંક સામાજિક કામોમાં સફળતા મળી....24

શ્રી સુમંતરાય રાવલ....29

ઉપહાર



રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર-પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારનાં અંધારાં-અજવાળાંમાં રસ્તો કાઢયો તે છે.

નાનાભાઈના સોમા જન્મદિવસના નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની પુનર્રચના સાથે સંકળાયેલાં કેટલાંક ભાઈઓ–બહેનોની આ અનુભવકથાઓ છે. આમાંનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત, શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલાં છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાંના ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં **सूत्रे मणिगणा इव** એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી; પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્ ગ્રંથોના માધ્યમથી સદગુણો ખીલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકાર ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ.પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.

– **મનુભાઈ પંચોળી** (લોકભારતી-સણોસરા તા.૧૬-૩-૮૩)

## લોકભારતીની જીવનલક્ષી કેળવણીના ઉત્તમ દસ્તાવેજો ઇન્ટરનેટ પર !



લોકભારતી એ કોઈ સ્થૂળ વસ્તુ નથી. લોકભારતી તો એક વિચાર છે. આ સંસ્થા લોકાભિમુખ–ગ્રામાભિમુખ કેળવણી–જગતનું સત્ય છે. અને એટલે જ એના સ્થાપક ઋષિવર્ય નાનાભાઈ કહેતા કે, “લોકભારતીના વિચારો જે સમજે અને જીવનમાં આચરે તેની છે આ લોકભારતી.” ગાંધીજીએ પોતાના જીવનમાં પોતાના ઉપર કરેલા પ્રયોગોમાંથી જે પ્રયોગો સફળ રહ્યા તેને સામાજિક સ્વરૂપ આપ્યું તેમ નાનાભાઈએ તેમની ત્રણે સંસ્થાઓમાં કરેલા શિક્ષણ–પ્રયોગોને પોતાના અભ્યાસ અને અનુભવથી ઘડીઘડીને જે પ્રયોગો સફળ થયા તેને સમાજ સમક્ષ તેના વ્યાપક અમલ માટે મૂક્યા. સ્વાભાવિક રીતે જ તેના વાહકો આ ત્રણે સંસ્થાના ઉત્સાહી અને સમર્પિત એવા વિદ્યાર્થીઓ રહ્યા છે.

નઈતાલીમનું, લોકભારતીત્વનું વિશ્વબજારમાં આજે માર્કેટિંગ થવું અનિવાર્ય છે. કારણ કે વિકાસ નામની ઉધઈ આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિને સાવ ખોખલી કરી મૂકે તે પહેલાં જાગી જવું બહુ જરૂરી છે. આના જ સંદર્ભે, લોકભારતીના કેટલાક વિશેષ સફળ થયેલા વિદ્યાર્થીઓનાં કાર્યો–અનુભવોની નોંધ “ઝાડનાં પારખાં ફળ પરથી” એ શીર્ષકથી લોકભારતીએ પ્રગટ કરેલી ૨૬ પુસ્તિકાઓમાં રજૂ થઈ છે, જેણે સમાજને જીવનલક્ષી શિક્ષણના ઉત્તમ દસ્તાવેજો પૂરા પાડ્યા છે. નઈતાલીમનો સંસ્કારાયેલો વિદ્યાર્થી શું શું કરી શકે છે તેની નક્કર વાતો તેમાં રજૂ થઈ છે. તેમાં બહુ સહજ રીતે લોકભારતીત્વ ઉજાગર થયું છે.

છપાઈને હજારો વાચકો સુધી પહોંચેલા આ બહુ મૂલ્યવાન અનુભવોને આધુનિક સમયમાં ઉપલબ્ધ એવી ઇન્ટરનેટ સુવિધાઓનો લાભ આપીને વિશ્વભરમાં પહોંચાડવાની વાત, લોકભારતી દ્વારા સન્માનિત અમારા પૂર્વ વિદ્યાર્થી અને ‘કોડિયું’ના સહતંત્રી **શ્રી જુગલકિશોરભાઈ** દ્વારા રજૂ થઈ,

એટલું જ નહીં પણ એ બધી જ પુસ્તિકાઓનું પ્રૂફરીડિંગકાર્ય સંભાળી લીધું સાથે સાથે ગ્રાફિકને લગતાં તથા પ્રકાશનનાં કાર્યોમાં મુંબઈના **શ્રી તુષાર મહેતા**ની કિંમતી મદદ લઈને તેમણે આ કાર્ય પાર પાડવાની તૈયારી બતાવી, ત્યારે સહજ રીતે જ એ વિચારને ઉત્સાહભેર વધાવી લેવામાં આવ્યો.

ઇન્ટરનેટ પર ઈ–બુકરૂપે હજારો પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે ત્યારે એ ટૅકનોલૉજીને આ સફળ થયેલાં કાર્યો માટે પણ પ્રયોજવાનું નક્કી કરવામાં આવ્યું. આના માટેના જરૂરી ભંડોળ સારુ ઇન્ટરનેટ પર એક નાનકડી અપીલ કરી તો તરત જ જે પ્રોત્સાહક પ્રવાહ વહ્યો તેમાં જરૂરી બજેટ કરતાં પણ વધુ મદદ હતી ! સર્વશ્રી ગોપાલભાઈ પારેખ (નવસારી), ચિરાગ પટેલ (યુએસએ), અશોક મોઢવાડિયા (જૂનાગઢ) તથા રમેશ પટેલ (કેલિફોર્નિયા)ના તત્કાલીન પ્રતિભાવોએ અમને પ્રોત્સાહિત કર્યા.

આમાંના ***શ્રી રમેશભાઈ પટેલ –'આકાશદીપ'*** ની મદદથી (કન્યા કેળવણીના આગ્રહી, તેમનાં સ્વ. માતુશ્રી કાશીબહેન ઝ. પટેલ તથા સાહિત્યપ્રેમી પત્ની શ્રીમતી  સવિતાબહેનના સૌજન્યે) **તથા *શ્રી ચિરાગભાઈ પટેલ*ની મદદથી** આ બધી પુસ્તિકાઓનું પ્રકાશન થશે. આ સૌ સહયોગીઓના આપણે ખૂબ આભારી છીએ.

આવનારા સમયમાં શિક્ષણજગતને મૂલ્યવાન દિશા પ્રાપ્ત કરાવનારાં આ પ્રકાશનોને વૈશ્વિક ગુજરાતી વાચકો સુધી નઈતાલીમના આ નીવડેલા નક્કર અને ચમત્કારિક અનુભવો પહોંચાડવાનું અમારું કાર્ય સાર્થક થશે તેવી આશા સાથે –

**– અરુણભાઈ દવે. (મૅનેજિંગ ટ્રસ્ટી, લોકભારતી સણોસરા.)**

## સણોસરાના સાંનિધ્યમાં છ માસ

આજથી બાર વર્ષ પહેલાં સણોસરા મુકામે લોકભારતી કેન્દ્રમાં મેં છ માસની ગ્રામપંચાયતમંત્રી તરીકેની પાયાની તાલીમ લીધી હતી. ત્યારે મને કલ્પના પણ નહોતી કે ગાંધીનગર મુકામે એક પંચાયતમંત્રીની તાલીમનું કેન્દ્ર શરૂ થશે અને મારે જ આ કેન્દ્રમાં અધ્યાપક તરીકે જોડાવું પડશે , અને જે રીતે મેં વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં તે રીતે મારે પણ બીજાને વ્યાખ્યાનો સંભળાવવાં પડશે ! પણ વિધિની ગતિ ન્યારી છે. આપણી ઉપર બેઠું બેઠું પણ કોઈક આપણને શેતરંજનાં પ્યાદાંની જેમ રમાડ્યાં કરે છે.

૧૯૮૨ના એપ્રિલ માસની છઠ્ઠીતારીખે ગાંધીનગર તલાટી-કમ-મંત્રીના તાલીમ કેન્દ્રમાં હાજર થયો ત્યારે વર્ષો પહેલાં જોયેલાં સપનાં સાકાર થતાં લાગ્યાં. આ બાબતે મેં લોકભારતીના પંચાયતરાજ તાલીમ કેન્દ્રના અધ્યાપકશ્રીઓને પત્ર લખ્યો. તેમની શુભાશિષો દર્શાવતો પ્રત્યુત્તર મળ્યો. બાર વર્ષ પહેલાંનું સાહિત્ય મેં સાચવી રાખ્યું હતું તે હવે ઉપયોગમાં આવી રહ્યું હતું. બાર વર્ષે પહેલાં રોપાયેલું બીજ હજુ કરમાયું નહોતું. વારિસિંચન થતાં ફરી તે બીજ નવપલ્લવિત થ ઈ ગયું.

કેટલાક મહાન પુરુષોએ કલ્પનાને તરંગી ઘોડા સાથે સરખાવી છે. કલ્પનાઓ જવલ્લે જ સાકાર થતી હોય છે. હું સણોસરાના લોકભારતી સંચાલિત મંત્રીતાલીમવર્ગમાં તાલીમ લઈ રહ્યો હતો ત્યારે સતત કલ્પના કર્યા કરતો કે એક વખત હું પણ આવો અધ્યાપક બનું. કાયદાના અરસિક વિષયને જુદાં જુદાં દૃષ્ટાંતોના કથન દ્વારા હળવો બનાવી તાલીમ આપું. બીજી પળે આંતરમન મને ટપારતું : ભલામાણસ, તું તો ફક્ત તલાટી-કમ-મંત્રી છે અને તલાટી-કમ-મંત્રી જ રહેવા સર્જાયેલો છે. છતાં મારી કલ્પનાશક્તિ બળવાન હોવાથી તે નિર્બળ વિદ્રોહી મનને દબાવી તેના પર સવાર થઈ જતી. તું અધ્યાપક થવા જ જન્મ્યો છે. અને તેથી જ તે વખતનાં ભાષણોની વ્યવસ્થિત નોંધ કરતો રહ્યો. તાલીમાંતે આ બધાં અપ્રાપ્ય સાહિત્યને અભરાઈ પર ન ચડવી દેતાં , મા જેમ પોતાના બાળકને કૂખે વળગા ડી સાથે ફેરવે તેમ બદલી થતી તે વખતે પણ આ પોટલાને સાથે ફેરવતો રહ્યો. આ ભાથું ક્યારેક તો કામ લાગશે જ એવી અતૂટ શ્ર દ્ધા ઊંડે ઊંડે પણ હતી. છેવટે મોડી મોડી

પણ અધ્યાપકની જગ્યા મળી અને પોટલાની ગાંઠ છોડી. અંદર રહેલું ભાથું કદી વાસી થાય તેવું નહોતું. મેં મારા પહેલા વ્યાખ્યાનમાં લોકભારતીની આ તાલીમસંસ્થાની વાત કરી ને તેનું ઋણ સ્વીકાર્યાનો સંતોષ વ્યક્ત કર્યો.

હમણાં મને લોકભારતી તરફથી આમંત્રણ મળ્યું કે નાનાભાઈ શતાબ્દી વર્ષ નિમિત્તે (૧૧મી નવે. ૧૯૮૩) 'ઝાડનાં પારખાં ફળ પરથી ' નામના શીર્ષકવાળી પુસ્તિકા પ્રગટ કરવાની છે. આ પુસ્તિકામાં મારે પણ મારા અનુભવના નિચોડરૂપે કશુંક પૂરવું. આ આમંત્રણ મળ્યા પછી આનંદની સાથે સાથે મૂંઝવણની લાગણી પણ થવા લાગી. શું લખવું, શું ન લખવું તે નક્કી થઈ શકતું નહોતું.

કાગળ પર પેન લઈને બેસી રહું અને એ જ સ્થિતિમાં કલાકોના કલાકો પસાર થઈ જાય પણ કાગળ પર કશું ઊતરે જ નહીં. પહેલી વખત સમજાયું કે નવલકથા કે વાર્તા લખવી સહેલી છે પણ સ્વાનુભવ લખવો અતિ મુશ્કેલ છે. કારણ કે તે માટે મનને સમગ્ર ભારથી હળવું કરવું પડે છે. બાનીના પ્રત્યેક શબ્દમાં સચ્ચાઈ લાવવી પડે છે. ૧૯૭૦ના વર્ષનો એ જૂન મહિનો અને વીસમી તારીખ ! એકાએક મન અતલ ઊંડાણના તળીયે સરકી ગયું. ભૂતકાળ સજીવન થઈ ગયો. બાર વર્ષ પહેલાંના દિવસો - એ બપોર - એ સુરેન્દ્રનગર-પાલિતાણાવાળી બસ... એ સ્ટેટ હાઇવે - એ સણોસરાની પહાડોથી ઘેરાયેલી ધરતી.

ગ્રૅજ્યુએટ થયા પછી તલાટી-કમ-મંત્રી તરીકેનો મને ઑર્ડર મળ્યો , ત્યારે મેં મને-કમને આ નોકરી સ્વીકારી હતી. મારી ઇચ્છા હાઈસ્કૂલમાં શિક્ષક થઈ જ્ઞાનનો ફેલાવો કરવાની હતી . પણ આ દેશમાં ધાર્યા મુજબનું કામ ભાગ્યે જ મળે છે. મનની અભિરુચિને કચડીને જ જીવવું પડે છે. ઘણી વખત તો આપણી શક્તિઓ આપણી અંદર પડી પડી તે રીતે જ વાસી થઈ કોહવાઈ જાય છે. કેટલાય તેવા અકાળે વૃદ્ધ થઈ ગયેલા જવાનોને મેં જોયા છે જેમની ભાવના પણ તેમના અંતરમાં પડી પડી વૃદ્ધ થઈ ગઈ હોય ! એક-બે ગ્રામપંચાયત સંચાલિત માધ્યમિક શાળામાં શિક્ષકના ઇન્ટરવ્યૂ પણ આપ્યા. મારા સાહિત્યનું જ્ઞાન પણ જાહેર કર્યું, અખબાર કે સામયિકમાં પ્રસિદ્ધ થયેલા મારા લેખો, વિચારો, ચર્ચાઓ, વાર્તાઓ વગરેની ફાઈલ પણ બતાવી ; પરંતુ મારી વગની ફાઈલ કોરી કટ હોવાથી મને શિક્ષકની નોકરી મળી શકી નહીં. છેવટે ન છૂટકે તલાટી-કમ-મંત્રીની નોકરી

સ્વીકારવી પડી. આ નોકરી કરવા પાછળ દેશસેવા કે પીડિત ગ્રામજનોની સેવા જેવો લગીરેય આશય ત્યારે નહોતો !

તા. ૨૧-૬-૭૦થી તા. ૨૧-૧૨-૭૦ના પાંચમા તલાટી-મંત્રી તાલીમ વર્ગમાં સણોસરા હાજર થવાનો હુકમ મળ્યો ત્યારે થોડી મૂંઝવણ પણ થઈ કે તાલીમ લીધા પછી ફરજિયાત ત્રણ વર્ષ પંચાયત મંત્રી તરીકે નોકરી કરવી જ પડશે. તે અંગેનું લેખિત કરારનામું પણ મેં તાલુકાની કચેરીએ રજૂ કરી દીધુ. જેમ હું છુટવા મથતો હતો તેમ વધુ ને વધુ બંધાતો જતો હતો! ત્યારે હું સાયલા તાલુકાની ચોરવીરા (થાન) ગ્રૂપમાં તલાટી-કમ-મંત્રી તરીકે ફરજ બજાવતો હતો. આ ફરજ દરમ્યાન મારી ઘણી નિષ્કાળજી પણ હતી. ચોરવીરા (થાન)ના તે વખતના સરપંચ શ્રી ખીમચંદભાઈ વોરાએ કહેલા શબ્દો મને હજુય સાંભરે છે: "જે કામ સ્વીકાર્યું તે કામ દિલથી કરવું , નહીં તો તે કામ છોડી દેવું જોઈએ.'' અત્યારે ચૌદ વરસ પછી આ શબ્દોની કિંમત સમજાય છે.

ચાર્જની લેવડદેવડ પછી સણોસરા તાલીમમાં જવા માટે સુરેન્દ્રનગરથી પાલીતાણાવાળી બસ સાયલાથી પકડી. બસ સણોસરા તરફ દોડવા લાગી ત્યારે હું તાલીમ માટે સાથે લઈ જવાની યાદી તપાસી રહ્યો હતો. મારી સાથે બીજા મંત્રીભાઈઓ પણ હતા. લોકભારતી શબ્દ સાથે નાં સંસ્મરણોને મમળાવી રહ્યો હતો. એકાએક ભેજામાં બ ત્તી ઝબૂકી ગઈ. ૧૯૬૭માં લોકભારતીની ઊડતી મુલાકાત લીધી હતી. મુરબ્બી ઈશ્વરભાઈ દવેના સાંનિધ્યે ત્યારે હું મુખ્ય વિષય ગુજરાતી સાથે શામળાદાસ કૉલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો. ઈશ્વરભાઈની સાથે અમે આશરે દસેક વિદ્યાર્થીઓ લોકભારતીના એક દિવસના પ્રવાસમાં આવેલા. તે વખત જોયેલું પુનર્જીવિત થઈ નજર સામે સળવળવા લાગ્યું. સાંઢીડા મહાદેવ પણ જોવા ગયેલા. લોકભારતીની પાછળ નદીના કિનારે સહેજ ઊંચી ટેકરી પર મહાદેવનું મંદિર હતું. સ્થળ રમણીય હતું. ત્યાં નજીકમાં એક ગામ પણ હતું. નામ અત્યારે યાદ આવતું નથી. સાંજે પાછા ફરતી વખતે લોકભારતીનું પુસ્તકાલય જોયું. ત્રીસ હજારની સંખ્યામાં પુસ્તકો હતાં તેવું ત્યાનાં સંચાલકે કહે લું. મનુભાઈ પંચોલી મળી શકેલા નહીં. પણ બુચભાઈ મળેલા. તેઓ પણ સાહિત્યરસિક જીવ હતા. વયોવૃદ્ધ છતાં અમારી સાથે દૂધમાં સાકરની માફક ભળી ગયા. બસની બારી પાસે બેઠોબેઠો હું આ બધું યાદ કરી રહ્યો હતો.

સાંજે ચાર વાગ્યે સણોસરાના પાટિયા પાસે બસ ઊભી રહી. હું બેડિંગ તથા બૅગ લઈ બીજા મિત્રોની સાથે ઊતરી ગયો. બસસ્ટૅન્ડ પાસે ચાની કૅબિનવાળા એક ભાઈને પૂછવું ના પડ્યું , તેણે સામેથી કહ્યું :

લોકભારતી જવું છે ને ?

મેં હકારસૂચક ગરદન હલાવી.

કૅબિનવાળાએ કહ્યું : સીધા ચાલ્યા જાવ...

રસ્તો સીધો હતો. ગામથી એક કિલોમિટરના અંતરે લોકભારતી વસેલી હતી . હરિયાળા પહાડોની ગોદમાં સફેદ રંગનાં મકાનોની દીવાલો દૃષ્ટિગોચર થતી હતી. રસ્તે ચાલતાં વચ્ચે દવાખાનું, હાઈસ્કૂલનું મકાન , થોડાંક છૂટાંછવાયાં ઝૂપડાં , એક સાંકડું નાળું , નાળા નીચે વહેતો નદીનો પ્રવાહ, એ બધું એક પછી એક પસાર થઈ ગયું. છેવટે લોકભારતીનું પ્રવેશદ્વાર દૂરથી નજરે પડ્યું. પ્રવેશદ્વારની બાજુમાં જ એક ઓરડી હતી-કદાચ ચોકીદારની. અમારી સાથે મિત્રોમાંથી કોઈક બોલ્યું : “છ માસની આ જેલ સમજજો યારો ! જુઓ આ જેલરની ઓરડી ”... અને બધા ખડખડાટ હસી પડ્યા. બધા પોતપોતાના ખ્યાલોમાં મસ્ત હતા! વર્ગ બે દિવસ પછી શરૂ થવાનો હતો. અમે તો પૂર્વતૈયારી રૂપે વહેલા આવી ગયા હતા. મેં ચોકડાવાળો બુશશર્ટ પહેર્યો હતો. ગમે તેમ પણ મને ચટ્ટાપટ્ટા ચોકડાવાળો બુશશર્ટ પહેરવો વધુ ગમે છે. દરવાજો વટાવી અમે અંદર પ્રવેશ્યા.રસ્તાની બંને તરફ આંબા , નીલગિરિ , નાળિયેરીનાં વૃક્ષો ક્રમાંતરે ઊભાં હતાં. જૂનની સખત ગરમીમાં પણ અહીં શીતળતા વ્યાપેલી હતી. ચોમેર લીલોછમ રંગ નજરે પડતો હતો. ઝાલાવાડમાં એ ફક્ત ચોમાસાની ઋતુમાં જ જોવા મળતું હતું. વચ્ચે દેશી નળિયાંવાળાં સ્ટાફ ક્વાર્ટર્સ નજરે પડતાં હતાં. ડાબી તરફ આરંભમાં જ ‘પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર’નું લટકતું બોર્ડ જોઈ અમે થંભી ગયા.

### નવા વાતાવરણનાં આશ્ચર્યો !

- લ્યો ભાઈ, શરૂઆત જ આપણાથી થઈ છે.

- આપણા વિના આગળ કેમ વધાય ! કારણ કે આપણે તો પાયાના પથ્થરો...!

પાંચસાત તાલીમીઓનું ટોળું હાહાહીહી કરી રહ્યું હતું. તાલીમ કેન્દ્રના આંગણામાં એક ભાઈ ઊભા હતા. તેમનું નામ હતું બાબુભાઈ. એ બધાને માર્ગદર્શન આપી રહ્યા હતા. થોડીક મિનિટમાં જ મેં કેન્દ્રની ઇમારત પર નજર ફેરવી લીધી. જમણી તરફ ઑફિસ , ડાબી તરફ વર્ગરૂમ અને વચ્ચે નિવાસસ્થાન. પાછળ રસોડું, નિવાસસ્થાનની દીવાલો પર નોટિસ ચિપકાવેલી હતી. થોડાક ભાઈઓ ત્યાં ઊભા ઊભા નોટિસ વાંચી રહ્યા હતા. હું મારો સામાન ગોઠવી , નોટિસબોર્ડ પાસે આવ્યો. દૈનિક કાર્યક્રમનું સમયપત્રક હતું. ઉત્થાનથી માંડીને શયન સુધીનો કાર્યક્રમ દર્શાવેલો હતો. એક બેલ લટકતો હતો. અહીં બધું સમયની સાથે ચાલતું હતું અથવા સમય અહીં સંભાળી સંભાળીને ચાલતો હતો. ઑફિસમાંથી એક ખાદીધારી ભાઈ નીકળ્યા. મારા પોશાક તરફ સૂગથી જોઈ અંદર ચાલ્યા ગયા. હું કાંઈ સમજ્યો નહીં. મેં મારા પોશાક તરફ એકવાર જોઈ લીધું , કોઈ ખામી નહોતી. ઇસ્તરીની સળી પણ ભાંગી નહોતી. તો આ ભાઈની ધૃણા ? હું કાંઈ વધુ વિચારું તે પહેલાં બાબુભાઈએ મને બોલાવ્યો.

"તમે તાલીમમાં આવ્યા છો ? "

"હા"

"તમને બાપુ અંદર બોલાવે છે."

હું સ્થિર થઈ ગયો. આ બાપુ કોણ હશે ? ગાંધીબાપુ પછી બીજા કોઈ બાપુ થયાનું મને યાદ નથી. આ બાપુ મને શા માટે બોલાવતા હશે ? હું આ કેન્દ્રની શિસ્તથી અજાણ્યો હતો. તેમ છતાં મેં કોઈ શિસ્તભંગ કર્યો નહોતો. હું અંદર ગયો તો વધારે આભો બની ગયો. આ તે ઑફિસ હતી કે વરરાજાનો ઉતારો ? કશું જ ચકાચૌંધ કરી દે તેવું ફર્નિચર જ નહીં. સનમાઈકાનાં ટેબલ નહીં , રિવોલ્વિંગ ચૅર નહીં. ગાદી બેઠક , ઢળતાં મેજ , સ્વચ્છ દીવાલો , તાલીમીઓના સમૂહફોટા , એકબે મહાપુરુષોની તસવીરો. મેજ પાસે એક ભાઈ ટાઈપ કરવામાં કાર્યરત હતા. એક ખાદીધારી એ બેઠાં બેઠાં મને ઇશારાથી તેમની સામે બેસવાનું કહ્યું. આ જ તો પેલા સૂગવાળા ખાદીધારી.

હું તેમની સામે બેસી ગયો.

"તલાટીમંત્રી કેટલાં વર્ષથી છો ? "

"એક વર્ષથી."

"ક્યાં છો ?"

"સુરેન્દ્રનગર જિલ્લામાં."

"પછાત જિલ્લામાં."

"હાજી, સાહેબ."

"એમ જી જી નહીં , બહુ વિવેકી બનવાની જરૂર નથી. એ તમારા ઑફિસરોને ખુશ કરવાની ભાષા છે."

હું ખામોશ થઈ ગયો.

મારા વાંકડિયા વાળ તરફ જોઈ બોલ્યા:

"પછાત વર્ગની તમે શું સેવા કરવાના હતા ? આ વાળ !... આ ચટ્ટાપટ્ટા બુશશર્ટ !"

હવે મને સમજાયું, મારો આ બુશશર્ટ તેમના આવેગ માટે કારણભૂત હતો.

"કૉલેજમાં ભણ્યા છો ?"

મેં ફક્ત "હા" પાડી.

"ત્યારે બોલોને ?" પછી એકાએક મારા ખભે હાથ મૂકી કહેવા લાગ્યા :

"જો છોકરા ! તારે અહીં રહેવું હોય તો આ પોશાક કાઢી નાખવાનો અને 'સાહેબ' શબ્દ પણ મગજમાંથી કાઢી નાખવાનો. અહીં બધાને 'ભાઈ' કહેવાનું. અહીં કોઈ સાહેબ નથી. સાહેબ તમારી ઑફિસમાં રહી ગયા. અને ચટ્ટાપટ્ટા બુશશર્ટ તારું માનસ દર્શાવે છે. તારું માનસ પણ ચટ્ટં પટ્ટં હોવું જોઈએ. હવે તું જા.મેં કહ્યું તે યાદ રાખજે. તેના પર વિચાર જ નથી કરવાનો, અમલ કરવાનો છે."

હું બહાર નીકળી ગયો. બીજા તાલીમીઓ મારી શી વલે થાય છે તે જોવા લૉબીમાં ઊભા હતા. મને બહાર નીકળતો જોઈ તેઓ સડેડાટ અંદરના ખંડમાં ચાલ્યા ગયા. કોઈકે મને કહ્યું : "એ આ તાલીમકેન્દ્રના પ્રિન્સિપાલ હતા."

"પ્રિન્સિપાલ ?" હું ચોંક્યો. મને કૉલેજના પ્રિન્સિપાલ યાદ આવી ગયા. ક્યાં તે કોટ , પૅન્ટ અને ટાઈ બાંધેલો અકડુ ચાલવાળો પ્રિન્સિપાલ... અને ક્યાં આ ખાદીના ઝભ્ભા-લેંઘામાં સાદો-સીધો આદર્શવાદી પ્રિન્સિપાલ ! અહીં સાદું જીવન હતું. ન કશી આળપંપાળ ન કશો ભભકો. ન કશો દંભ...

### નવી જીવનશૈલીનો આરંભ

રાતે એક ભાઈ હાજરી પૂરવા આવ્યા. તેમનું નામ જિતુભાઈ વ્યાસ હતું. તેઓ ગૃહપતિ હતા એટલે સવારના કાર્યક્રમની યાદ આપી ચાલ્યા ગયા. છ માસનો સમય તેમની સામે કાઢવાનો હતો એટલે શિસ્તની ખૂબ આવશ્યકતા હતી. જતાં જતાં તેમણે કેન્દ્રની શિસ્ત વિષે ઘણી વાતો ભારપૂર્વક જણાવી. એ ગયા એટલે ફરી જિલ્લાવાર ગ્રૂપમાં બેસી બધા નવાજૂની કરવા લાગ્યા. મારી બાજુમાં ભાવનગર જિલ્લાના બે ભાઈઓએ અડ્ડો જમાવ્યો હતો. એક બારોટ , બીજા મહેતા... બંને સાહિત્યરસિક મિત્રો હતા. વહેલી સવારે ધડબડાટી થતાં હું જાગી ગયો. આંખો ચોળીને જોયું તો બેલ વાગી ગયો હતો અને ગૃહપતિ કેટલાક ઊંઘણશીનાં ગોદડાં ખેંચી જગાડતા હતા. મારો વારો આવે તે પહેલાં હું સજાગ થઈ ગયો. હજી સવારનો ઉજાસ પથરાયો નહોતો. સવાર અને રાતની વચ્ચે પરોઢની સપાટી પર સમય સ્થિર હતો. બહાર વનસ્પતિની તીવ્ર વાસ આવતી હતી. હું દાતણ મોંમાં ખોસી બહાર નીકળ્યો. બધા છૂટાછવાયા દાતણપાણી કરી રહ્યા હતા. કેટલાક મોં ખંખાળી રહ્યા હતા. હું બાંકડા પર બેઠાં બેઠાં વિચારી રહ્યો હતો. કુલ ૪૯ તલાટીમંત્રીનો આ પાંચમો વર્ગ હતો. આ પહેલાં ચાર તાલીમવર્ગ પૂરા થઈ ચૂક્યા હતા. આ ચાર વર્ગોમાંથી કયો મંત્રી આ તાલીમવર્ગની વિચારસરણીને પચાવી શક્યો હશે ? આરોગવું અને પચાવવું બંને અલગ અલગ બાબત છે. આરોગવા કરતાં પચાવવાની પ્રક્રિયા મુશ્કેલ છે. સવારનો આછો ઉજાસ ઊતરી રહ્યો હતો. અંધકાર ભાગી રહ્યો હતો. થોડી જ વારમાં અંધકારની સાથે મારા વિચારો પણ નાસી ગયા. કેન્દ્રમાં આવતી જતી આકૃતિઓ હવે સ્પષ્ટ દૃષ્ટિગોચર થવા લાગી હતી. કેન્દ્રની પાસેના ક્વાર્ટરની બહાર એક ભાઈ ઊભડક પગે બેસીને ક્યારા સાફ કરી રહ્યા હતા. આટલા વહેલા જાગીને આ ભાઈને પણ પ્રાતઃકાળની પ્રવૃત્તિ કરવાની નિયમિત ટેવ હશે ? સવારના ઉજાસમાં મને ઓળખતાં વાર ન લાગી. એ ભાઈ ગારિયાધાર મત વિસ્તારમાં ચૂંટાયેલા ધારાસભ્ય દલસુખભાઈ ગોધાણી હતા. આશ્ચર્ય ! અહીં તો ધારાસભ્ય પણ સવારની પોતાની પ્રવૃત્તિમાં રત હતા ! તેઓ હમણાં જ વિદેશના પ્રવાસેથી પાછા આવ્યા હતા.

થોડીક વારે એક તબીબ આવ્યા. તેઓ સંસ્થાના આયુર્વેદિક વૈદ્ય શ્રી મજીઠિયાભાઈ હતા. તેઓ કોઈ બીમાર નથી તેની ખાતરી કરી ગયા. સવારના નાસ્તા પછી વ્યક્તિગત શોખ , અભ્યાસ,

ભાવના જાણવા ઇન્ટરવ્યૂનો આરંભ થયો. અહીં સુખ નથી , દુ:ખ છે. અહીં તમને કેળવવા છે , તમારામાં ભાવના ઊભી કરવાની છે . ગામડાની સેવા કરવાની ભાવના. પ્રજાપતિની જેમ ઘડાને ટકોરા મારીને ચકાસણી થતી હતી. આ ઘડો કાચો તો નથી ને , અધવચ્ચે ફૂટી જાય તેમ તો નથી ને... પછી તેમાં સંસ્કારનું, ભાવનાનું, કાયદાનું પાણી ભરવામાં આવતું હતું.

હવે અમે સમયપત્રકના ચોકઠામાં ગોઠવાઈ ગયા હતા. સવારના પાંચથી કાર્યક્રમ શરૂ થઈ જતો તે સાંજના સાત વાગ્યા સુધી ચાલતો હતો. બહાર આવવાજવાની પણ ફુરસદ નહીં. કાંતણ , સ્વાધ્યાય, રમતગમત, પ્રત્યક્ષ શિક્ષણ , ચર્ચાસભા, મૉક ઇલેકશન... જેને નિયમિતતાની તકલીફ પડતી હોય તેને વધુ આળસુ સમજવો. મને પણ આરંભમાં ખૂબ જ મુશ્કેલી પડી. મને માબાપે ખૂબ સાચવ્યો હતો. એ સાચવણી અત્યારે ભારે પડી. ટૉલ્સટૉયે આ માટે એક સરસ ઉદાહરણ સાથે વાત કરી છે - ઘણી વખત સાચવણીથી માણસ આળસુ બની જાય છે . કોઈ સોદાગર કિંમતી ઘોડા ખરીદીને તબેલામાં બાંધી જ રાખે , કોઈ દિવસ તેના પર સવારી જ ન કરે તો વર્ષે દા 'ડે ઘોડાના પગ અકડાઈ જાય અને ત દ્દન નકામા બની જાય. તેમ માણસનું પણ છે. માણસ જો પોતાની જાતનો ઉપયોગ ન કરે, મહેનત ન કરે તો તે પણ નકામા ઘોડા જેવો જ છે. વર્ગની શુભ શરૂઆત પ્રાર્થનાથી થતી. વર્ગની બેઠક વ્યવસ્થા એકદમ સાદી હતી. સાદડી પર બેસવાનું. ઢળતા મેજ પર લખવાનું, પ્રાર્થના પછી એકાદ ભજન, સમાચાર વાંચન અને વર્ગનો આરંભ. છ માસ સુધી આ ક્રમ સતત જળવાઈ રહેવાનો હતો.



**તહેવારોની ઉજવણી તાલીમનો જ એક ભાગ**

### અનન્ય અધ્યાપકો !!

શ્રી મનુભાઈ પંચોળીની પહેલી મુલાકાત લાઇબ્રેરીમાં થઈ . ઉપનામ પ્રમાણેના જ ગુણ... તેમની આંખોમાંયે 'દર્શક' નજરે ચડે. સદા ખેંચાયેલી ભ્રૂકુટિ , ચહેરા પર કોઈક ક્ષણે લપેટાતું સ્મિત અને તરત જ દોડી આવતી ગંભીરતા... ચાલતાં ચાલતાં પણ આસપાસ નજર નાખી પરિસ્થિતિનું નિરીક્ષણ કરવાની ટેવ... એટલે દર્શક. તેમનો આવાસ જોયો. દેશી નળિયાંવાળું માટીનું ઘર , લખવાનો અલગ ખંડ , આ માણસ લખવાથી કદી થાકતા નહીં હોય ! ખૂબ લખે... ખૂબ વિચારે... ખૂબ મનન કરે અને પછી લખે... બોલે તો લાગે કે બસ સાંભળ્યાં જ કરીએ. મેં તેમને એકલા ઊભેલા જોઈ ટૂંકમાં પરિચય આપ્યો. સાહિત્યના મારા રસ વિષે જણાવ્યું. એ તરત જ મને લાઇબ્રેરિયન પાસે લઈ ગયા અને લાઇબ્રેરિયન (એ વખતે સોલંકીભાઈ કરીને હતા)ને કહ્યું : "ભાઈ સોલંકી ! આ ભાઈ વાંચવાના શોખીન છે , તેમને જે પુસ્તક જો ઈએ તે આપજો..." તેમના આટલા શબ્દો મારા જેવા વાંચનભૂખ્યા માટે પૂરતા હતા. થોડો પણ ફ્રી થઈ જતો કે તરત જ લાઇબ્રેરીમાં ! મહેતા અને બારોટને તો થઈ ગયું કે રાવળનો ક્યાંય પત્તો ન હોય ત્યારે લાઇબ્રેરીમાં હોય.

મેં કૉલેજનાં ચાર વર્ષો પૂરાં કરેલાં , પણ કયાંય મહેનતનું શિક્ષણ લીધું નહોતું. અહીં આ શિક્ષણ પ્રાપ્ત થયું. અહીં ધૂળની રજ ચહેરા પર ચોંટી , અહીં પરસેવાથી બનિયન ભીંજાયું. અહીં અમે વાડોલિયું તૈયાર કર્યું. ગલકાં , ભીંડા, દૂધી, ચીભડાંનાં બીજ નાખ્યાં. પરસેવો પાડીને રોપેલાં બીજ ફૂટી નીકળ્યાં. ત્યારે અમારી ખુશીનો પાર ન રહ્યો ! આ ખુશીની કિંમત તો જેણે પરસેવો પાડ્યો હોય તે જ સમજી શકે !

તાલીમની કેટલીક વિગતો - કેટલાય પ્રસંગો અહીં આલેખવા બેસું તો પાનાંનાં પાનાં ભરાય - મોટું પુસ્તક તૈયાર થાય. પણ એ બધું આ પુસ્તિકામાં મૂકવાનો કોઈ અર્થ નથી. તાલીમ પછી આ તાલીમ જીવનમાં કઈ રીતે ઉપયોગી થાય છે તે સ્વાનુભાવ પર વિશેષ ભાર મૂકેલ છે. રોગચાળાની ઋતુમાં કડવું કરિયાતું પીવરાવવું, બીડી ફક્ત બીડી-બાંકડા પર જ પિવાય, રાતે બહાર જવા પર પાબન્દી. આ બધાંની પાછળ કડવું સત્ય હોય છે જે જીવનના એક તબક્કે જ સમજાય છે. વ્યાખ્યાતાનું તમામ વ્યાખ્યાન નહીં પણ અમુક વિધાનો માનસપર અસર કરી જાય છે. અને પરિણામે તાલીમીનો સમૂળગો રાહ બદલાઈ જાય છે.

### આગમન અને વિદાય વચ્ચેનો તફાવત !

અંતે વિદાયની ઘડી આવી પહોંચી. તમામની આંખો ભીની હતી. ચંદ્રકાંતભાઈ , ભાસ્કરભાઈ શીખના બે શબ્દો કહેતી વખતે ગળગળા થઈ ગયા. જીતુબાપુ તો બોલતાં બોલતાં જ રડી પડ્યા... કુમુદભાઈના હસ્તે પ્રમાણપત્ર વિતરણવિધિ રાખવામાં આવ્યો... કુમુદભાઈએ સાચું કહ્યું : 'અમે તો તાલીમ આપી જાણીએ. અમારી તાલીમ દીપાવવી એ તમારા હાથમાં છે... હવે તમારે અમારી તાલીમ દીપાવીને ઋણ ચૂકવવાનું છે. ગુરુદક્ષિણામાં અમે એ જ માગીએ છીએ... ' બધા ભાઈઓ એકબીજાના ગળે ભેટીને મળ્યા... હવે ન જાણે ક્યારે મળાય ? જુદા જુદા પાંચ જિલ્લાના ભાઈઓ એકત્રિત થયા હતા. પ્રેમનો માળો બાંધ્યો હતો અને હવે એ માળો ખાલી કરી દૂર દૂર ઊડી જવાના હતા- પોતાની ફરજની દિશામાં. સમૂહજીવનની સાચી કિંમત , સાચું માપ વિદાયની ઘડીએ નીકળે છે. એકબીજાથી તદ્દન અજાણ્યા વચ્ચે સંબંધનો અતૂટ સેતુ બંધાય જાય છે. મારી અને મહેતા વચ્ચે ન જાણે કેવો સંબંધ બંધાયો હતો કે આજે હું અધ્યાપક છું અ ને તે મહુવા તાલુકામાં કોઈ જગ્યાએ તલાટી-કમ-મંત્રી છે છતાં પત્રવ્યવહાર ચાલુ જ છે . તાલીમનું આ પણ એક પગથિયું છે. પરસ્પર સંબંધો ઊભા કરી વિકસાવવાનું પુણ્ય આ તાલીમ કેન્દ્રના ફાળે જાય છે.

અધ્યાપકગણ બસસ્ટેન્ડ સુધી વળાવવા આવ્યો. પહેલાં જે કઠોર લાગતા હતા તે ગુરુજનો અત્યારે લાગણીશીલ લાગતા હતા. મને ભાસ્કરભાઈએ ભીના સાદે કહેલું : તલાટીમંત્રીમાં રહો તો ભલે રહો, પણ તમારી અંદર છુપાયેલા વાર્તાકારને મરવા દેશો નહીં. હજુ પણ ક્યારેક એકલો પડું છું ત્યારે આ શબ્દો કાનમાં પડઘાય છે... આ શબ્દોનું પાલન હજુ સુધી થતું આવ્યું છે.

તાલીમ પૂરી થયાંને આજે બાર વર્ષ જેટલો સમય થવા આવ્યો ત્યારે યાદ કરું છું કે આ તાલીમે મને ભાવના, નીતિપરાયણતા અને શિસ્તબદ્ધ જીવન આપ્યું છે. જે દિવસે તાલીમ પૂરી થઈ તેના બીજે દિવસે હું મારા બદલાયેલા ગ્રૂપમાં હાજર થવા ગયો ત્યારે મેં તાલીમનો પોશાક ખાદીનો ઝભ્ભો તથા લેંઘો પહેર્યો હતો. ગામના ઝાંપે પ્રવેશ્યો ત્યાં કોઈ બોલ્યું : "લ્યો, નવા માસ્તર આયા લાગે સે..." કોઈએ જવાબ આપ્યો : "માસ્તર નંઈ તલાટી સાહેબ છે."

### કાર્યક્ષેત્રે અનોખું સ્વાગત !!

બીજા ચોરા પર બેઠેલા ખીખી દઈને હસી પડ્યા. આ હાસ્ય મારા પોશાક પરત્વેનું હતું તે સમજતાં મને ઝાઝી વાર લાગી નહીં. આ આપણા પહેરવેશ પરની લોકમાન્યતા છે. તલાટી-કમ-મંત્રી કદી ખાદી પહેરે જ નહીં. એ તો ટેરીકૉટન , ટેરેલિનનાં કિંમતી કપડાં જ પહેરે... માસ્તરને બીચારું ગરીબડું પ્રાણી ગણવામાં આવે છે. અને તલાટી-કમ-મંત્રીને ઇતર આવકના ફાડા હોય છે. એટલે તો એ ૨૬૦ના પગારમાં પણ મોટા અધિકારીની જેમ રુઆબભેર જીવી શકે છે ! ગામના અદનામાં અદના માનવમાં પણ આ ખ્યાલો પ્રવર્તે છે.

સરપંચશ્રીએ પણ આવતાંની સાથે કહેવા માંડ્યું :

“આ શી ભવાઈ માંડી સે ?”

“કઈ ભવાઈ ?” હું સમજ્યો નહીં.

“આ ખાદી પહેરવી... તમે પહેરશો તો મારેય પહેરવી પડશે...”

આઝાદી પછીના ગાળામાં નવી પેઢી તો ઠીક પણ જૂની પેઢીને પણ ખાદી પ્રત્યે નફરત વધતી ચાલી છે. આમ થવાનું કારણ શું ? આ વિષય ઘણું સંશોધન માગી લે છે. આ વિષય પર અહીં લખવું અનુચિતછે. પરિસ્થિતિને સ્વીકારીને જીવવાની આપણી મનોવૃત્તિ ઘણી વખત કેટલાક સિદ્ધાંતોને પણ વીસરી જાય છે. ઘણી વખત કેટલાક સિદ્ધાંતો ‘વેદિયો’ અથવા ‘ચેપિયો’ જેવા ઇલકાબો આપી દે છે. મારા કિસ્સામાં પણ એવું જ બન્યું છે . તેથી અથડાતાં ફૂટાતાં છેવટે મેં ખાદી છોડી દીધી. ખરેખર તો તે માટે મારું નિર્બળ મનોબળ પણ કારણભૂત છે. તેમ છતાં એક જોડી ખાદીનાં કપડાં મારા કબાટમાં હોય છે , જે હું મારા જન્મદિન ૧૪મી નવેમ્બરના રોજ પહેરું છું અને તે રીતે લોકભારતીની યાદગીરી જાળવી રાખું છું.

મારી તલાટી-કમ-મંત્રીથી અધ્યાપક સુધીની પ્રગતિ માટે પણ લોકભારતીની પંચાયત મંત્રીની તાલીમ કારણભૂત છે. મેં આ લાગણી અહીંના પ્રત્યેક નવા તાલીમવર્ગમાં વખતો-વખત વ્યક્ત કરી છે અને કરતો રહીશ; કારણ કે અવલકારકુનની સીધી ભરતીની જાહેરાત મેં સણોસરાના તાલીમમાં હતો ત્યારે છાપામાં વાંચી , ત્યાંથી ફૉર્મ ભર્યું હતું. ગુજરાત પંચાયત પસંદગી મંડળના સચિવશ્રીએ આ ફૉર્મ શા કારણે જિલ્લા વિકાસ અધિકારી , સુરેન્દ્રનગર મારફતે ન મોકલતાં આચાર્ય શ્રી, પંચાયતરાજ તાલીમ કેન્દ્ર સણોસરા મારફતે મોકલેલું છે તે સંબંધી ખુલાસો માગેલ. તે

વખતના અધ્યાપક શ્રી ચંદ્રકાંતભાઈ મહેતાએ ખુલાસો કરી મોકલેલ કે મંત્રી જ્યારે તાલીમમાં હોય છે ત્યારે તેની નોકરીનો હવાલો આચાર્યશ્રી , તાલીમ કેન્દ્રના હસ્તક હોય છે અને તેથી જ તેમનો તમામ પત્રવ્યવહાર આ કેન્દ્ર મારફત થાય છે. આ ખુલાસો માન્ય રહ્યો. લેખિત પરીક્ષામાં જે પ્ર શ્નો પુછાયા હતા તેનો હું તાલીમમાં અભ્યાસ કરેલ હોવાથી ચીવટપૂર્વક વ્યવસ્થિત જવાબ રજૂ કરી શક્યો અને મૌખિક પરીક્ષામાં પણ મેં પસાર કરેલ તાલીમની પરીક્ષાને નજર સમક્ષ રાખી મારી અવલ કારકુનની પસંદગી કરવામાં આવેલ. આમ તલાટી-કમ-મંત્રીથી અવલકારકુન સુધીની સફરમાં આ તાલીમ મારા માટે તો ખૂબ ઉપયોગી પુરવાર થઈ છે.

આ તાલીમમાંથી મને ખરી શિસ્ત અને નિયમિતતા શીખવા મળી છે. શિસ્ત એટલે ઉપરથી પડે તે... પરંતુ ખરેખર તો શિસ્ત લાદી બેસાડવા કરતાં અંતરમાંથી સ્ફુરવી જોઈએ. પીકાસો કહે છે તેમ મનને પરાણે ઘડિયાળનાં કાંટા સાથે જોડી રાખી અનિચ્છાએ કામ કરતાં રહેવું તે શિસ્ત નથી. કૉલેજમાંથી સીધા નોકરીમાં જોડાનારામાં શિસ્તનો અભાવ હોય છે. મારો પોતાનો જ દાખલો આપું તો હું ગ્રેજ્યુએટ થઈ સીધો તાલીમમંત્રી બન્યો ત્યારે શિસ્તના અભાવે અમલદારોનો માન-મરતબો જાળવતો નહોતો. હેડક્વાર્ટર્સમાં પણ ઘણો અનિયમિત હતો. અઠવાડિયે જિલ્લાના મથકે ફિલ્મો જોવા દોડી જતો. આ બધાંને કારણે મારા વિરુદ્ધ કેટલાક કાગળો પણ ઊભા થયેલા. કારણ કે મેં કૉલેજમાં અલ્લડપણું આચરેલું. પ્રોફેસરના ચાળા કરવા, ક્લાસમાંથી વગર-રજાએ નાસી જવું, ચાલુ લેક્ચરે બારીમાંથી કૂદી બહાર નીકળી જવું - જેવાં કારસ્તાનો કર્યાં હતાં. અને આ બધાં તોફાન-ફિતૂરની અસર મારી નોકરી પર પણ હતી. ઘણી જ બેફિકરાઈપૂર્વક નોકરી કરી હતી. આ છ માસની પાયાની તાલીમે મારામાં ગંભીરતા આણી. તાલીમ બાદના મારા કામમાં , વર્તનમાં , નિયમિતતામાં મોટો તફાવત પડી ગયો. નિયમિતતા તો મેં જીવનના એક અગત્યના પાસા તરીકે સ્વીકારી લીધી છે. ગાંધીજીએ ક્યાંક લખ્યું છે કે જો હું ઇન્દ્રિયોને સ્વેચ્છા પ્રમાણે વહેવા દઉં તો આજે જ મારો નાશ થાય. તે મુજબ નિયમિત ન બનું તો મારી કા રકિર્દી પર પાણી ફરી વળતાં વાર ન લાગે.

### લખવાનો શોખ જીવંત થયો

રજાઓમાં અહીં તહીં ન ભટકતાં સાહિત્ય પ્રવૃત્તિ , લેખન પ્રવૃત્તિમાં વ્યસ્ત રહું ; કારણ કે મારામાં છુપાયેલા પેલા વાર્તાકારને પણ મારે જીવંત રાખવાનો છે. જોકે કેટલાક અધિકારીઓ મને એવા પણ મળ્યા છે જે આ લખવાના શોખને જુદી દૃષ્ટિથી જુએ છે. તેઓએ તો આ પદ્ધતિ છોડી દેવા સલાહ આપી છે અને ઉમેર્યું છે કે : 'લેખક હંમેશાં વહીવટમાં નિષ્ફળ જાય છે. તે લાગણીશીલ બની જાય છે. વહીવટમાં ખોટી લાગણી-આળપંપાળ ચાલે નહીં. તમારે સફળ અમલદાર બનવું હોય તો આ બધું તજી દો. આવી સલાહ-સૂચનની ભરતી મેં બાંધેલી સાહિત્યિક પ્રવૃત્તિની પાળ સામે વારંવાર આવીને પાછી ચાલી ગઈ છે. હજુ સુધી પાળ આબાદ રહી છે. આ ભરતી પાળ તોડી શકી નથી; કારણ કે આ પાળને ભાસ્કરભાઈની પ્રેરણા મળી છે. મંત્રી તાલીમવર્ગમાં અધ્યાપકોની વાણીમાંથી વહેતો એકાદ શબ્દ જીવનમાં ઊંડો ઊતરી જાય ત્યારે મન કંઈક સાબૂત થઈ જાય છે. તેનો આ એક પુરાવો બસ છે. ભાસ્કરભાઈએ વિદાય વખતે કહેલું એ વાક્ય , 'તમારી અંદર રહેલા વાર્તાકારના આત્માને તમે મારશો નહીં ' મારી 'વાર્તાકાર' તરીકેની અત્યાર સુધીની કારકિર્દીમાં તે સાબિત થઈ ચૂક્યું છે કે વાર્તાકારના આત્માને મરવા દીધો નથી.

'ગુરુ બિન જ્ઞાન કહાઁસે પાઉં ?' એ પંક્તિ સાચી જ છે. ગુરુની પ્રતિભા જે કૉલેજનાં ચાર વર્ષ સુધી કોઈ પ્રોફેસર ઊભી નહોતો કરી શક્યો તે ફક્ત છ માસ જેવા ટૂંકા ગાળામાં સણોસરાના અધ્યાપકગણે ઊભી કરી હતી. આ એક હકીકત છે. તેનું કારણ કદાચ સતત અમારી પ્રત્યેનું જાત-નિરીક્ષણ, સતત કાળજી , એક કુટુંબીજન જેવો વર્તાવ , એક વયોવૃદ્ધ વડીલ જેવી રોકટોક , પિતાતુલ્ય પ્રેમ, એટલે સુધી કે ગુરુની રુચિ-અરુચિ, પસંદગી-નાપસંદગીની ચિંતા અમે રાખતા હતા. આવો પૂજ્યભાવ (ઈશ્વરભાઈ દવે સિવાય) મને કૉલેજના પ્રોફેસર પર પણ ઉત્પન્ન થયો નથી. કારણ કે ત્યાં શિસ્ત માટે જીવનની કોઈ કેળવણીને આગ્રહ નથી. ત્યાં કુટેવો માટે કોઈ ટોકનાર નથી. કેળવણી પણ વ્યસન જેવી બાબતોમાં તદ્દન મુક્ત તો ન જ હોવી જોઈએ એ જીવનના આડત્રીસમા વર્ષે સમજાય છે. એક વિદ્વાનનું વિધાન છે કે 'ખોટું હોય તો વિરોધ ન કરો તો ચાલશે, પણ સાચું હોય તેનો સ્વીકાર કરવાની શક્તિ જરૂર કેળવો.' તે અનુસાર સત્યનો હું સ્વીકાર કરી રહ્યો છું.

બીજી એક વાત લખું તો અસ્થાને નહીં લેખાય. તાલીમીઓમાં એક ભાવના ઊભી થાય છે. જે વાતાવરણમાંથી બહાર આવે છે તે વાતાવરણની અસર તેના મન પર ચોક્કસ હોય છે. આવા તાલીમાર્થી પછી ધીમે ધીમે નોકરીના ચક્કરમાં અમલદારોના સંતોષ ખાતર કૂટનીતિ આચરતા થઈ જાય છે. ફોટાની કાર્બન કૉપીમાં જે રીતે દૃશ્ય ઊપસી આવે તે રીતે તેમની ભયાનક આકૃતિ ઊપસતી આવે છે. પરિણામે દારુ , જુગાર, લાંચની જાળમાં ફસાતા જાય છે. બ્યુબર કહે છે તેમ ‘માણસ જ્યારે પોતે પાપ નથી આચરતો ત્યારે બીજા તેનાથી ડરતા હોય છે. પણ પછી પોતે પાપ આચરવા માંડે છે ત્યારે પોતે બીજાથી ડરવા માંડે છે. ’ એ નક્કર સત્ય છે. રબાહ નામના ફિલસૂફે પણ કહ્યું છે કે : ‘પાપ શરૂઆતમાં કરોળિયાના જાળા જેવું હોય છે અને ધીમે ધીમે સમય જતાં તે વહાણને બાંધવાના દોરડા જેવું જાડું અને મજબૂત બની જાય છે.’ આમ ધીમે ધીમે આવી ચુંગાલમાં ફસાયેલા તલાટી-કમ-મંત્રી સમગ્ર તલાટી-કમ-મંત્રી પરિવારની ‘મથરાવટી મેલી’ કરી નાખે છે. આજકાલ વહીવટનાં તમામ દોષારોપણના કારણના મૂળમાં તલાટી-કમ-મંત્રીને જ ગણવામાં આવે છે. નૈતિકતાનું મૂલ્ય પાયામાં જ ખવાઈ ગયું હોય તો ઊંચી ઇમારતની અપેક્ષા શી રીતે રાખી શકાય ? આરંભે જે કામ કરવાની તમન્ના , ગરીબોના ઉત્કર્ષની ભાવના હોય છે તે આસ્તે આસ્તે દીવાલમાંથી ખરતા પ્લાસ્ટરની જેમ ખરી જાય છે , ચણતર ગમે તેટલા પાકા ચૂનાનું હોય , સિમેન્ટનું હોય, પણ સમય અને સંજોગોના વાવાઝોડા સામે તે ક્યાં સુધી ટકવાનું છે ? નિષ્ઠા, ધગશ, પ્રામાણિકતા, ચોકસાઈ, કામ કરવાની તત્પરતા એ બધું ટ્રેનના પાટા નીચે મૂકેલા સિક્કાની જેમ ઘસાતું જાય છે. જાપાનનો નાગરિક રાષ્ટ્રીય ભાવનામાં જેટલો ઊંચો આવતો જાય છે તેટલો જ હિન્દુસ્તાનનો નાગરિક દેશ પ્રત્યેની ફરજમાં નીચો જતો જાય છે. અલબ ત્ત ભાવના, પ્રામાણિકતા, ધગશનાં મૂલ્યો જન્મજાત છે તેવું માનવામાં આવે છે પણ તેમાં પરિવર્તન જરૂર લાવી શકાય. ગાંધી ફિલ્મનો નાયક બૅન કિંગ્સ્લે ગાંધીની ભૂમિકા ભજવતાં ભજવતાં દારૂ પીવાનું છોડી દે , લૉર્ડ માઉન્ટબેટન હિન્દુસ્તાન છોડ્યા પછી ટેબલ પર ડિનર લેવાને બદલે પાટલા પર બેસીને ભોજન લે તો તલાટીમંત્રીની છ માસની પાયાની તાલીમમાં તાલીમી ધારે તો થોડાક ગુણો જીવનમાં ચોક્કસ ચોક્કસ ગ્રહણ કરી શકે. સંસ્થાની એકાદ વાત , એકાદ કાર્ય , એકાદ પ્રણાલિકા તેના હૃદયના અંધકારનેઉલેચવા માટે પ્રકાશની લકીર તરીકે કામ આપી જાય તે નિઃશંક છે. તાલીમ આપવી એ એક વાત છે ; તે તાલીમને હૃદયમાં ઉતારવી , અમલમાં મૂકવી તે બીજી અને અઘરી વાત છે.

તાલીમ આપવી તે સહેલું છે પણ પરિવર્તન કરવું તે સૌથી ભારે મુશ્કેલ કાર્ય છે. મને યાદ છે , સણોસરા ગામના માથાભારે શખ્સનાં ઢોર ભારે પરિશ્રમથી ઉગાડેલાં શાકભાજી ચરી ગયેલાં. અલબત્ત આમાં અમારીય નિષ્કાળજી હતી. તે વખત પેલા માથાભારે શખ્સ સામે બાપુએ ખૂબ બોલાચાલી કરેલી. તે વખતે તે શખ્સની અશિષ્ટ ભાષા સહન ન થવાથી એક ગરાસદાર કોમના તાલીમાર્થી વાડોલિયું સરખું કરવાની કુહાડી લઈને પેલા માથાભારે શખ્સ તરફ દોડી ગયેલ. બીજી સવારે બાપુએ પેલા તાલીમાર્થીને ટોક્યો : “તારે એમ કરવાની જરૂર નહોતી. તે ભલે અપશબ્દ બોલે પણ આપણે અપકૃત્ય આચરવું ન જોઈએ. મને આ બનાવથી ઘણું દુઃખ થયું છે. માર ખાઓ , મારો નહીં... તમે તેની માફી માંગી આવો તો જ મને શાંતિ થાય... ” આ વૃત્તિ છે ત્યાંના અધ્યાપકોની ! વેરથી વેર નહીં અવેરથી વેર શમે... સ્વ. નાનાભાઈ ભટ્ટનો વારસો આ સંસ્થાએ દીપાવ્યો છે. આવા તો કેટકેટલાય પ્રસંગો હું આલેખી શકું. ફક્ત પ્રસંગ આલેખવાથી કંઈ અર્થ સરતો નથી. તાલીમ પચાવવાથી તે સિદ્ધ થાય છે. ગાંધીમૂલ્યોનો સર્વત્ર હ્રાસ થતો જાય છે ત્યારે આવાં તાલીમ કેન્દ્રો ચલાવતી સંસ્થાઓ તે જાળવી રાખે છે. આવતી પેઢીને ફક્ત શિક્ષણ દ્વારા નહીં, જીવન દ્વારા આ સંસ્થા ગાંધીમૂલ્યો બક્ષી રહી છે. જો આવી સંસ્થા નહીં હોય તો હિંદુસ્તાનમાંથી રહી સહી ગાંધીજીની ઝાંખી પણ લુપ્ત થઈ જશે. પછી તો એક જગ્યાએ એક અધિકારીની સીધી ભરતીમાં બાપુનું નામ પૂછવામાં આવ્યું ત્યારે ઉમેદવારે પોતાના બાપુનું નામ જણાવ્યું... તેવી રમૂજો ડગલે ને પગલે સાંભળવા મળશે. ગાંધીજીવન પર જે ત્રણ વિચારકોની ઊંડી અસર છે તે ટૉલ્સટોય, રસ્કિન અને થૉરો. એ થૉરોની વિચારસરણી મુજબ Simple living and high thinkingની ભાવનાનાં આ સંસ્થાના તાલીમકેન્દ્રમાં દર્શન થાય છે. આ સંસ્થામાં તેવી વ્યક્તિઓ પણ છે કે જેમની પાસે સારી જમીન-જાયદાદ-મિલકત પણ છે. તેમ છતાં એ બધું ત્યાગીને ગાંધીમૂલ્યોને જાળવવા, ગાંધી આદર્શોને જીવનમાં ઉતારવા આ સંસ્થામાં જોડાયા છે. તેવી વ્યક્તિ પણ છે કે જો કૉલેજમાં પ્રોફેસર તરીકે જાય તો ઘણો વધારે પગાર મેળવે; તેમ છતાં પૂરા સંતોષથી આ સંસ્થામાં સાદું અને સ્વચ્છ જીવન જીવી રહી છે. સાથોસાથ સંશોધન-અધ્યયન પણ કરી રહી છે. જીવવા માટે પૈસો, મોભો કે વૈભવ-વિલાસની જરૂર નથી ; જીવવા માટે સંતોષ , અભ્યાસ, પરિતૃપ્તિ, ખાસ તો પોતાના આત્માની પરિતૃપ્તિની જરૂર છે. બધા એક કુટુંબની જેમ પહાડની તળેટીમાં નૈસર્ગિક વાતાવરણમાં જીવે છે.

## લોકભારતીના કેટલાક સફળ વિદ્યાર્થીઓ

અહીં તાલીમ પૂર્ણ કરીને પછી જાહેર જીવનમાં પડયા બાદ કેટલાંય નામો એવાં છે જે રાજકારણમાં ખૂબ જ અગત્યના હોદ્દા સુધી પહોંચ્યાં છે. કેટલાંય નામો એવાં છે કે સાહિત્યમાં ઉજ્જવળ કારકિર્દી સુધી પહોંચ્યાં છે. કેટલાંય નામો એવાં છે જે નોકરીની દિશામાં આગળ વધ્યાં છે. સિમેન્ટની દીવાલો તૈયાર કર્યા પછી તેને પૂરતા પ્રમાણમાં પાણી પાવું જોઈએ - તો જ તે મજબૂત અને ટકાઉ થાય. તેમ અહીં શિક્ષણ નહીં , જીવનની કપરી પરિસ્થિતિને હસતે મોંએ સહન કરી શકાય તે માટે નિયમિતતા, શિસ્ત, પ્રભુપ્રાર્થના, વગેરે પણ છે. ‘પરાગ જો અંતરમાં હશે તો તે પાંગરીને કદી પુષ્પ થાશે ’ તેમ જો વિદ્યાર્થીના હૃદયમાં ભાવનાનાં બીજ પડયાં હશે તો તે એક દિવસ ચોક્કસ પાંગરશે અને તેના જીવનને ધન્ય કરી જશે. તેવો એક કિસ્સો મેં ‘ પંચાયતીરાજ’ નામના માસિકમાં આલેખેલો. તે અત્યારે ફરી આ પુસ્તકમાં ટાંકું છું. તે ભાઈ સણોસરાની લોકભારતી મંત્રી તાલીમમાં મારી સાથે જ હતા. હાલ ચોટીલા તાલુકામાં તલાટી-કમ-મંત્રી તરીકે ફરજ બજાવે છે. તેમનું નામ છે શિવાભાઈ છગનભાઈ ડુમાણિયા. ચોટીલા તાલુકાના એક ગ્રુપમાં તેઓ મંત્રી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તે ગામમાં રાતે એક ગર્ભવતી સ્ત્રીની તબિયત એકાએક બગડી. તાલુકાના દવાખાને લઈ ગયા પણ ડૉક્ટરે તેને તાત્કાલિક રાજકોટ હૉસ્પિટલમાં ખસેડવા જણાવ્યું. તેનાં કુટુંબીજનો માથે તો જાણે કે વીજળી પડી ! એક તો બાપડાં અભણ અને ઉપરથી આ અણધારી આફત આવી પડી. ક્યાં જવું , શું કરવું તે કશું સૂઝે જ નહીં. ગ્રામજનો પાસે આવી પરિસ્થિતિ આવે ત્યારે કાં તો એ તલાટી પાસે દોડે અથવા શિક્ષક પાસે. એ જ તેનો સાચો માર્ગદર્શક. એ લોકો શિવાભાઈ પાસે ગયાં. શિવાભાઈએ મારતી મોટરસાઇકલે ચોટીલા જઈ ટૅક્સી ભાડે કરી બાઈને તાત્કાલિક રાજકોટ પહોંચાડી. ત્યાં બીજો ગંભીર પ્રશ્ન ઊભો થયો . બાઈના પેટમાં બાળક મરી ગયું હતું અને સિઝેરિયન ઑપરેશન કરવું પડે તેવી સ્થિતિ હતી. બાઈનું શરીર એકવડિયું અને લોહી અપાય તો જ ઑપરેશન થાય. લોહીના ગ્રુપનો ટેસ્ટ થયો. ‘એ’ ગ્રુપનું લોહી હતું. તેનાં સગાંસબંધીનું લોહી તપાસ્યું. કોઈનું લોહી ‘એ’ ગ્રુપનું ન નીકળ્યું. બધાં લાચાર હતાં. બાઈની જિંદગી જોખમમાં હતી. નિર્ણય તાત્કાલિક કરવાનો હતો. બ્લડ બૅંકમાં લોહીનું ટીપું નહોતું. બધાં ગભરાઈ ગયાં. શિવાભાઈ સાથે જ હતા. તેમનું લોહી તપાસ્યું. જોગાનુજોગ તેમનું લોહી ‘એ’ ગ્રુપનું નીકળ્યું. તેમણે પોતાનું લોહી આપવાની સંમતિ આપી.

"પણ સાહેબ તમે ?" સાથે આવેલાં માણસો બોલી ઊઠયાં.

"કેમ, સાહેબનું લોહી કિંમતી હોય છે ?" તેમણે હસીને જવાબ આપ્યો અને તરત જ બાંકડા પર સૂઈ ગયા. ૩૦૦ સી.સી. લોહી આપ્યું. સિઝેરિયન ઑપરેશન સફળ થયું. બાઈની જિંદગી બચી ગઈ. બાઈનો પતિ શિવાભાઈ પાસે ગળગળો થઈ ગયો.

"તમે મારી ઘરવાળીની જિંદગી બચાવી છે. તમને મારી જમીનનો અડધો ભાગ આપવા માગું છું... જેથી તમારી બદલી થાય તોય જમીનને લીધે ક્યારેક તો તમે ગામે આવોને... અને આપણા સંબંધ પણ જીવતા રીયે..."

"કોઈની જિંદગી બચાવવી તે પ્રત્યેકની ફરજ છે. તેમાં મેં કાંઈ ઉપકાર કર્યો નથી." શિવાભાઇએ કહ્યું. આવા તલાટી-કમ-મંત્રી સણોસરાના 'પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર' મારફત તાલીમ લઈને બહાર આવ્યા છે. તેમણે ખરા અર્થમાં તાલીમનું નામ ઊજળું કર્યું છે. વહીવટી કામ સાથે માનવતાના આ કામનું મૂલ્ય પણ અનેકગણું છે.

ગોલીડા ગ્રુપમાં તલાટી-મંત્રી તરીકે હતો ત્યારે પૂરી રીતે લોકલાગણી જીતી હતી. અવલકારકુન થયો ત્યારે ચાર્જ છોડતી વખતે ગામલોકોને જાણ થઈ કે મારી બદલી થઈ છે ત્યારે પરિસ્થિતિ વિપરીત બની ગઈ. બધા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પાસે ગયા : "અમારા તલાટીસાહેબને અમારી ઇચ્છા વિના શા કારણે બદલો છો ?"

"અરે ભલા આદમી ! તમારા તલાટીને ઉપલો હોદ્દો મળ્યો છે. તેમની બદલી થઈ નથી. તમારા ગામમાંથી તે ઊંચી પાયરી પર જાય છે..." તાલુકા પંચાયતના પ્રમુખશ્રીએ તેમને સમજાવ્યું ત્યારે જ એ બધા શાંત પડ્યા.

તે ગામમાં મેં પોષક આહારના પ્લૉટ તૈયાર કરાવેલા, બાલવાડી પણ શરૂ કરાવેલી. ભવિષ્યમાં આ ગામે જવાનું થશે ત્યારે શાળાની પાછળ ખુલ્લા પ્લૉટમાં પોષક આહારનો સામૂહિક બાગ જોઈને મારું અંતર જરૂર પુલકિત થઈ જશે !

## કેટલાંક સામાજિક કામોમાં સફળતા મળી

૧૯૭૧ના વર્ષમાં કુટુંબ નિયોજન ક્ષેત્રે પણ મેં સારી કામગીરી કરેલી. ઇનામ પણ મેળવેલું. ગોલીડા ગામ કુટુંબ નિયોજનની બાબતમાં હંમેશાં વિરુદ્ધમાં મત ધરાવતું રહ્યું હતું. એક પણ કેસ આ ગામે થયેલ નહોતો . મેં મારા પટાવાળા કેશાને સમજાવ્યો. કેશો જો પહેલ કરે તો તેની પાછળ પાછળ ત્રણ જણા નસબંધી કરાવવા તૈયાર હતા. હું કેશાને ચોટીલા લઈ ગયો , સાથે પેલા ત્રણ જણને પણ લઈ ગયો. ત્રણ જણની હાજરીમાં કેશાએ નસબંધી કરાવી. તેની આ નસબંધીના સામાન્ય ઑપરેશનને જોઈ પેલા ત્રણ જણ પણ તૈયાર થઈ ગયા. આમ એક દિવસમાં ચાર કેસનો હું મોટિવેટર બન્યો !

અસ્પૃશ્યતા તે હિન્દુ સંસ્કૃતિનું કલંક છે એ ગાંધીજીએ ખૂબ જ વેદના સાથે ઉચ્ચારેલું વિધાન છે. મને પણ આ ભેદભાવ હજુ સમજાતા નથી. આદમ-ઈવ પૃથ્વી પર અવતર્યાં ત્યારે કોઈ જ્ઞાતિ-જાતિ નહોતી. તો હવે આ જ્ઞાતિ-જાતિનાં બંધન કઈ રીતે આવી ગયાં ? આભડછેટની આ કાળી છાયા હજુ ગામડામાંથી દૂર થઈ નથી. આ માટેનો એક પ્રસંગ મને યાદ આવે છે. એક ગામડામાં હું તલાટી-મંત્રી તરીકે હતો. (આ પ્રસંગ મેં જૂનાગઢ અનુશિક્ષણ અને અધ્યયન કેન્દ્રમાં ક્ષેત્ર ઘટના તરીકે રજૂ કરેલો ) ગામના સરપંચ ખૂબ જ આદર્શવાદી , ઉમદા વિચારસરણી ધરાવનાર શિક્ષિત વ્યક્તિ હતા. અમારે બંનેને સારું બનતું. ગામમાં કેટલાય કાયમી યાદગીરી જેવાં વિકાસનાં કામો પણ આ સરપંચશ્રીને લીધે થયાં હતાં. તેઓ ઘણી વખત સાંજે પોતાના ધંધા (વેપારી હતા)થી કંટાળી મારી પાસે આવી બેસતા અમે કેટલાય વિષયો પર મોડે સુધી ચર્ચાઓ કરતા. એક વખત અસ્પૃશ્યતાના વિષય પર ચર્ચા નીકળી પડતાં તેમના ચહેરા પર તનાવ ઊતરી આવ્યો.

“આ દેશમાં આભડછેટના કાયદા વધુ કડક કરવા જોઈએ. આ બધા કાયદા હજુ ટાંચા છે. એ પણ માનવી છે, તેમની રગોમાં પણ લોહી વહે છે. માનવી સાથે આવો દુર્વ્યવહાર કરનારને ફાંસીએ ચડાવવા જોઈએ વગેરે…”

દરમ્યાન આ ગ્રામ પંચાયતનું વાર્ષિક ઑડિટ આવવાનું થયું. હું એકલો જ રહેતો હતો. તે દિવસે તેમણે મને કહ્યું : ઑડિટરનું મારે ત્યાં જમવાનું રાખશો અને સાથે તમે પણ આવશો. મને થયું, આજનો દિવસ હાથનાં હાંડલાં ફૂટવામાંથી છૂટ્યા.

ઑડિટર આવ્યા. તેમની અટક સોલંકી હતી. હું તેમને ઓળખી ગયો. મારા કૉલેજકાળના મિત્ર હતા – પરસ્પર પરિચયવિધિ થયો. મારા મોંમાંથી ઉચ્ચાર નીકળી ગયો : "સોલંકીભાઈ, તમે ?" એ અટક સરપંચને યાદ રહી ગઈ. તેમણે મને સોલંકીભાઈની ગેરહાજરીમાં પૂછ્યું :

"તમે તેમને ક્યાંથી ઓળખો ?"

"અમે કૉલેજમાં સાથે હતાં."

"તેઓ કઈ જ્ઞાતિના છે ?"

"એ તો હું પણ જાણતો નથી . કૉલેજની મૈત્રીમાં જ્ઞાતિ-જાતિની પૂછપરછ ન હોય ! " મેં મારું અજ્ઞાન દર્શાવ્યું. તે જતા રહ્યા. થોડીવાર પછી બપોરના ખાણાની થાળી લઈને પટાવાળો આવ્યો :

મેં પૂછ્યું : "કોની થાળી ?"

સરપંચશ્રીએ મોકલી છે , ઑડિટર સાહેબ માટે. અને આપને તેમના ઘેર જમવા બોલાવ્યા છે." મારી નસો તમતમી ગઈ. ઘડી પહેલાં અસ્પૃશ્યતા નિવારણ માટે કડક કાયદાની વાત કરનાર આટલો પોકળ નીકળ્યો ? હાથીના દાંત ધરાવનાર આ માણસને ઓળખવો દોહ્યલો છે. મેં મારી થાળી પણ ઉપર મંગાવી લીધી. સોલંકીભાઈ પરિસ્થિતિ સમજી ગયા. તેઓ હસતાં હસતાં કહેવા લાગ્યા : "આ અનુભવ મારા માટે નવો નથી. દરેક જગ્યાએ મારી આ અટક જ મને મુશ્કેલીમાં મૂકે છે. બધાં મને હરિજન સમજે છે. "

"શું તમે હરિજન નથી ?"

"ના રે... હું તો રાજપૂત છું. "

ફસ્સ દઈને ખૂબ ફુલાવેલો ફુગ્ગો ફૂટી જાય તેવું થયું... મેં સરપંચને આ વાત કહી તો તેઓ થાળી ઉપર મોકલવા માટે બીજાં બહાનાં કાઢવા લાગ્યા. ગામડા ગામમાં આ અશ્પૃશ્યતાનું દૂષણ હજુ ગઈ પેઢીમાં તો લુપ્ત થયું નથી. આવતી પેઢી માટે કટિબદ્ધ બનવું પડશે. સમૂહ ભોજન કે

કથાકીર્તનના કાર્યક્રમથી આ દૂષણ નાબૂદ થાય તે માન્યતા મૂર્ખામી ભરેલી છે. કોઈ નક્કર પગલાં ભરવા પહેલ કરવી જ પડશે.

**'માર ખાઓ પણ મારો નહીં.'**

અમારા ગુરુની આ ઉક્તિનો મને પ્રત્યક્ષ અનુભવ થયો છે. જે હું વર્ણવું છું. હું ત્યારે વિસ્તરણ અધિકારી 'પંચાયત' તરીકે સાયલા તાલુકામાં હતો. એક મંત્રીનો હિસાબ તપાસ કરવા માટે હું તે વખતના તાલુકા વિકાસ અધિકારી શ્રી ડી.એલ. પટેલની સાથે તા. ૭-૮-૭૯ના રોજ નોલી ગામે જઈ રહ્યો હતો. અમે જીપમાં ન જતાં બસમાં જઈ રહ્યા હતા. સવારની વિરમગામથી બોટાદવાળી બસમાં અમે સાયલાથી નવ કલાકે બેઠા અને પોરિયાળી ગામ આવતાં સુધીમાં એક માથાભારે શખ્સે તાલુકા વિકાસ અધિકારી પર ખૂની હુમલો કર્યો (આ સમાચાર તે વખતે વર્તમાનપત્રોમાં પણ ચમકેલા) તાલુકા વિકાસ અધિકારી પર લાકડી લઈ આ શખ્સ ધસી ગયેલો. બસના મુસાફરો સ્તબ્ધ થઈ ગયેલા. અધિકારીની આ અવદશા બનેલી જોઈ અને વકરેલી ગુંડાગીરીને બેફામ બનેલી જોઈ હું વચ્ચે પડ્યો... ત્યારે મારા મોંમાથી નીકળેલા આ શબ્દો હતા : 'તેમને નહીં મારો, મને મારો. તે મારા સાહેબ છે... મને મારો... તેમને છોડી દો.' પેલા ઉશ્કેરાયેલા ગુંડાએ મને પણ બે તમાચા ઝીંકી દીધા. મેં પ્રેમથી સહન કરી લીધા. બસ ઊભી રહી , ગુંડો ચાલ્યો ગયો , પણ અધિકારીના હૃદયમાં તથા હાજર રહેલા મુસાફરોના હૃદયમાં મેં જે થોડીક જ ક્ષણોમાં સ્થાન લઈ લીધું એ ન ચાલ્યું ગયું. એ તો સ્થિર થઈ હરહંમેશ માટે અંકિત થઈ ગયું : "ધન્ય છે તમારા આ સાથીદારને. તેણે વચ્ચે રહી ઘા ઝીલી લીધા. પટેલસાહેબે વિદાય (બદલી થવાની) ક્ષણે પણ આ પ્રસંગને યાદ કર્યો હતો. વ્યક્તિના સંસ્કારને લીધે કે તાલીમને લીધે વ્યક્તિમાં ભાવનાનું આવું પૂર આવી જાય છે તે નક્કી કરવાનું કપરું છે. આવું પૂર કોઈ કોઈ વાર મારા અંતરમાં ઊમટી આવે છે. હવે તે માટે તાલીમ , સંસ્કાર કે બળ-જે કોઈ પાસું જવાબદાર હોય તે કહેવું મુશ્કેલ છે. મેં તો જે હકીકત હતી તે રજૂ કરી છે. બીજું , મેં મારી અત્યાર સુધીની કારકિર્દીમાં પ્રામાણિકતા છોડી નથી. (રાહતકામના મજૂરોને રૂપિયા સાથેના છૂટા પૈસા આપવા માટે તાલુકેથી છૂટા પૈસાનું પરચૂરણ અગાઉથી મેળવીને જ ચૂકવણું કરવા ગયો છું). જ્યાં જ્યાં મેં નોકરી કરી છે ત્યાં ત્યાં આ ગુણ (કે અવગુણ)ની પ્રશંસા મેં સાંભળી છે. આ માટે મારે કેટલીકવાર ઘણું સહન પણ કરવું પડ્યું છે.

કેટલાક વડીલોએ,‘તેને સારી જગ્યાએ લઈએ પણ તેની મુશ્કેલી એ છે કે તે પ્રામાણિક છે... ’ ‘તમે હજુ જમાના સાથે તાલ મિલાવતા શીખ્યા નથી ’ તો વળી કેટલાક એમ પણ કહે છે કે ‘કંઇક સમજો’.આ “કંઇક સમજો” એટલે શું ? એ બધા સંદર્ભો , ગર્ભિત ઇશારાઓ કઈ તરફ છે તે સહેજે સમજી શકાય તેવું છે. ભ્રષ્ટાચાર, અનીતિ. લાંચ એ બધું સામાન્ય જનજીવન સાથે વણાઈ ગયું છે. અથવા તો સામાન્ય જનજીવન જ તેની સાથે ઓતપ્રોત થઈ ગયું છે. સરકારી કચેરીઓ તો આ બધાં માટે તાલીમશાળાની ગરજ સારે છે. કામની સૂઝ કરતાં કરપ્શનની સૂઝ કેળવે તે મોટા ભાગે જોવાય છે. કામ ગમે તેટલું સારું હોય પણ ઉપરી અધિકારીને તેનાથી સંતોષ નથી. તેમની ભાષામાં ‘હવે જરા સમજો’ શબ્દો વારંવાર સાંભળવા મળે છે. ઉપલા અધિકારીની ખફામરજી પણ વહોરવી પડે છે. સી.આર. (ખાનગી રિપોર્ટ) લગાડવામાં આવે છે , અપ્રામાણિક ન હોય અને કામમાં થોડી નિષ્કાળજી હોય તો ચલાવવાની ઉદારતા હવેની સરકારમાં નથી. પ્રામાણિકતાના મોટા ગુણ તળે આવી બાબતો ઢંકાઇ જવી જોઈએ. ડી.એલ. પટેલ; ન.મો. બ્રહ્મભટ્ટ જેવા કેટલાય અધિકારીના ‘ટચ’માં આવ્યો છું કે જેઓ બહુ હિંમતપૂર્વક પ્રામાણિકતાને વળગી રહ્યા છે. સરવાળે તેમને સહન કરવું પડે છે. જે અધિકારી ભ્રષ્ટાચારને રસ્તે વળેલા નથી તેમનાથી બીજા અમલદારો સતત ડરતા હોય છે. એટલે પેલાને કઈ રીતે પોતાનો બનાવવો તેની જ વેતરણમાં હોય છે. બચપણમાં મારો એક ભાઈબંધ બીડીનાં ઠૂંઠાં વીણી, સળગાવી કશ લેતો... તેને હું જોઈ ગયો... મારા આ ભાઈબંધને બીક પેઠી કે હું તેનાં મમ્મી-પપ્પાને આ રહસ્યની જાણ કરી દઈશ. તેથી સમજાવી-પટાવી છેવટે ધાકધમકીથી એ ઠૂંઠાની મને પણ બે કશ પરાણે ખેંચાવેલી... તેમ પોતાનું વર્તુળ વિકસે તેમાં જ આ લાંચિયા લોકોને રસ હોય છે. કોઈ આંગળી ચીંધવાવાળો ન હોવો જોઈએ. અને તેથી આ આલમ દિવસે દિવસે વધુ ને વધુ વિકસી રહી છે, અજગરની માફક ભરડો લઈ રહી છે.

મને તો આ બધાથી અલિપ્ત રહેવાથી કૌટુંબિક રીતે ખૂબ જ શાંતિ પ્રાપ્ત થયેલી છે. સ્વસ્થ ચિત્તે સર્જનકાર્ય કરી શકું છું એ જ અનેરી સિદ્ધિ છે. જે લોકો પૈસા પાછળ દોડે છે, ગમે તે રીતે પૈસો મેળવવાની આંધળી દોટ દે છે , નોકરીને આવકની દૃષ્ટિએ જુએ છે તે બધાને દોડતા , પડતા, આખડતા, દુ:ખી થતા, જીવનના અભાવ વ્યકત કરતાં જોઈ શક્યો છું. ખૂબ જ નજીકથી જોઈ શક્યો છું. આવાં ખોટી રીતે લીધેલાં નાણાંની જ્યારે તપાસ આવે છે ત્યારે પેલો તપાસ કરનાર અધિકારી

તેની પાસેથી બે-ગણાં નાણાં પડાવે છે. આમ બમણાં ત્રમણાં ખર્ચામાં લીધેલી રકમ ચાલી જાય છે. અને તપાસ તો ઊભી જ રહે છે. પણ આ રમત એવી છે કે તેમાં રમનારને તેના સારા-નરસા પરિણામનો ખ્યાલ આવતો જ નથી. તે તો ફક્ત દોડ્યા જ કરે છે. નાણાંની પાછળ તેના આઘાત-પ્રત્યાઘાતની તેને પડી નથી. હાર્યો જુગારી બમણું રમે , તેમ છટકામાં સપડાયેલો કર્મચારી મોટી લાંચ માગે. તેની ઊંઘ પણ હરામ થઈ જાય છે. ત્યારે મને પેલા વિદેશી લેખકનું વાક્ય યાદ આવે છે કે ‘તમે પથારી ખરીદી શકશો પણ ઊંઘ નહીં ખરીદી શકો. ’ મેં તો ઊંઘ ખરીદી લીધી છે . હજુ સુધી ગંગાના પ્રવાહની જેમ જીવન સરળતાથી વહ્યું છે. જે ચાહ્યું છે તે મળ્યું છે. આગળ શું થશે તે માટે તો પ્રત્યેકની માફક હું પણ અજ્ઞાન છું.

## શ્રી સુમંતરાય રાવલ

શ્રી સુમંતરાય બળવંતરાય રાવલનો જન્મ તા. ૧૪-૧૧-૧૯૪૫ના રોજ બોટાદ તાલુકાના પાળિયાદ ગામે થયો હતો. પાળિયાદમાં પ્રાથમિક , માધ્યમિક શિક્ષણ લઈ શામળદાસ કૉલેજ , ભાવનગરમાં ગુજરાતી સાથે ૧૯૬૮માં બી.એ. થયા.

નોકરીનો આરંભ તલાટી-મંત્રી તરીકે કર્યો. સણોસરામાં લોકભારતી પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તલાટી-મંત્રીની છ માસની પાયાની તાલીમ પ્રાપ્ત કરી. બઢતી મળતાં અવલ કારકુન થયા. એ પછી વિસ્તરણ અધિકારી (પંચાયત), આકારણી અધિકારી વગેરે જગ્યાઓ ઉપર રહી હવે તલાટી-કમ-મંત્રી તાલીમ કેન્દ્ર, ગાંધીનગરમાં અધ્યાપક તરીકે કામ કરે છે.

૧૯૬૦માં હાઈસ્કૂલમાં હતા ત્યારથી વાંચવા-લખવાનો શોખ વળગેલો. કૉલેજમાં એ શોખને ગતિ મળી. ટૂંકી વાર્તાઓ, લઘુ નવલ અને વ્યાખ્યાન એમના રસના વિષયો છે.